# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત રાજયની તમામ નોંધાયેલ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને વાલી-વારસોને જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (પરીક્ષા વિભાગ), વડોદરા ખાતે **ધોરણ-૧૦** ના ગુણપત્રક અને પ્રમાણપત્રમાં નામ/અટક/જન્મતારીખ જેવા સુધારા કરવા હાલમાં વડોદરા ખાતેની બોર્ડની કચેરીમાં પ્રક્રિયા કરવામાં આવતી હતી. વિદ્યાર્થીઓના હિતમાં વડોદરા કચેરીના બદલે **તા.૦૧/૧૦/૨૦૧૮** ના રોજથી **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર**ની કચેરીએ આવેલ વિદ્યાર્થી સેવા કેન્દ્રમાં ઉકત અરજીઓ રજુ કરવાની રહેશે. અને ટપાલ દ્વારા મોકલવામાં આવતી અરજીઓ જરૂરી પુરાવા સાથે **મદદનીશ સચિવશ્રી, વિદ્યાર્થી સેવા કેન્દ્ર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-બી, જુના સચિવાલય પાસે, ગાંધીનગર**ના સરનામે મોકલવાની રહેશે. ઉકત કામગીરી બોર્ડની ગાંધીનગરની કચેરીએથી જ થશે.

**ધોરણ-૧૦**ના સુધારા સંબંધિત અરજી ઉપરની કામગીરી ગાંધીનગર કચેરી ખાતેથી કરવામાં આવશે. તેની નોંધ તમામ સંબંધિતોએ લેવા વિનંતી કરવામાં આવે છે.

(ડી. એસ. પટેલ)
**સચિવ,**
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તારીખ:. ૨૮-૯-૨૦૧૮
**સ્થળ:** ગાંધીનગર.